મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 –પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ECCE)–આંગણવાડી વ્યવસ્થાપન સમિતિઓ(AMCs) ની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/ECE/e-file/23/2026/0915/B (ICDS)

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ.સાઇન મુજબ

**વંચાણે લીધા:**

(૧) મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૧૭/૦૮/૨૦૨૬નો પત્ર ક્રમાંક:ECCE/14/2026-ECCE (e-148454)

**આમુખ:**

મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 હેઠળ આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી સેવાઓમાં પૂરક પોષણ, પૂર્વ-પ્રાથમિક બિન ઔપચારિક શિક્ષણ, પોષણ અને આરોગ્ય શિક્ષણ, રસીકરણ, આરોગ્ય તપાસ તેમજ સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ (PW&LMs), 0 થી 6 વર્ષના બાળકો તથા આકાંક્ષી જિલ્લાઓમાં કિશોરીઓને રેફરલ સેવાઓનો સમાવેશ થાય છે. સેવાઓની ગુણવત્તા સુધારવા, જવાબદારી સુનિશ્ચિત કરવા અને પાયાના સ્તરે વધુ સારા પરિણામો પ્રાપ્ત કરવા માટે સમુદાયની વ્યાપક ભાગીદારીને મજબૂત બનાવવી જરૂરી છે. તેથી, મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 હેઠળ હાથ ધરવામાં આવેલી તથા ભવિષ્યમાં હાથ ધરાનારી વિવિધ સમુદાય સહભાગિતાની પહેલોને એકીકૃત કરવા માટે દરેક આંગણવાડી કેન્દ્ર માટે **આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ (Anganwadi Management Committee – AMC)** ની રચના કરવા બાબતે વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના ભારત સરકારના તા.૧૭/૦૮/૨૦૨૬ના પત્રથી માર્ગદર્શિકાને મંજુરી આપવામાં આવેલ છે.જેના અનુસંધાને સમિતિની રચના કરવા બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ (Anganwadi Management Committee – AMC) ની રચના, સભ્યોની પસંદગી, સમિતિના કાર્યો અંગે પુખ્ત વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

પોષણ ૨.૦ અંતર્ગત આંગણવાડી કેન્દ્રોના માધ્યમથી સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ, ૦ થી ૬ વર્ષની વયજૂથનાં બાળકો તથા આકાંક્ષી જિલ્લાઓની કિશોરી બાલિકાઓને છ મુખ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ સેવાઓમાં પૂરક પોષણ આહાર, શાળા-પૂર્વ શિક્ષણ, પોષણ અને આરોગ્ય શિક્ષણ, રસીકરણ, આરોગ્ય તપાસ તથા આવશ્યકતા જણાતાં ઉચ્ચ આરોગ્ય સંસ્થા માટે રેફરલ (સંદર્ભ) સુવિધા સામેલ છે. આ સેવાઓનો લાભ તમામ પાત્ર હિતધારકો સુધી અસરકારક રીતે પહોંચે, તે માટે સમુદાયની સક્રિય ભાગીદારી, સેવાઓની ગુણવત્તા, જવાબદારી અને નિયમિત દેખરેખ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

**૨. હેતુ:**

**આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ (AMC) ના મુખ્ય હેતુ નીચે મુજબ રહેશે:-**

૧. સમુદાયની માલિકી અને સહભાગિતાને સુદૃઢ કરીને ૦-૬ વર્ષનાં બાળકોમાં કુપોષણ અને વિકાસમાં વિલંબ (Developmental Delays) ને સમાપ્ત કરવા તથા તેમના સમગ્ર વિકાસને સુનિશ્ચિત કરવામાં સહયોગપૂરોપાડવો.

૨. લાભાર્થીઓ સુધી આંગણવાડી સેવાઓનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે આંગણવાડી કાર્યકરને સહયોગ પૂરો પાડવો, જેથી પોષણ, આરોગ્ય અને પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ (ECCE)નાં સારા પરિણામો પ્રાપ્ત થઈ શકે.

૩. માતા-પિતા અને સંભાળ રાખનારાઓમાં ઉત્તરદાયી બાળસંભાળ (Responsive Childcare) અપનાવવા પ્રત્યે વ્યાપક જન-જાગૃતિ વિકસિત કરવી તથા આરોગ્ય સેવાઓનો સમયસર ઉપયોગ, યોગ્ય આહારસંબંધી વર્તન અને સગર્ભા તેમજ ધાત્રી મહિલાઓ (PW&LMs)ના પોષણને પ્રોત્સાહન આપવું.

૪. પાયાના સ્તરે ઉપલબ્ધ આરોગ્ય, શિક્ષણ અને સ્થાનિક સ્વશાસન સંસ્થાઓ સાથે પ્રભાવી વિભાગીય સમન્વય સુનિશ્ચિત કરવો.

૫. આંગણવાડી કેન્દ્રો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓમાં પારદર્શિતા, જવાબદારી અને ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવું.

**૩. આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ (AMC)ની રચના:**

દરેક આંગણવાડી કેન્દ્ર (AWC) માટે સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારી (CDPO) દ્વારા આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ (AMC)ની વિધિવત્ રચના કરવામાં આવશે. સમિતિની રચનાના સમયે અને ત્યારબાદ દર વર્ષે સમિતિના સભ્યોને તેમની ભૂમિકા, ઉત્તરદાયિત્વ અને કાર્યપ્રણાલી અંગે આવશ્યક તાલીમ પૂરી પાડવામાં આવશે. AMCના તમામ સભ્યો મહિલા સભ્યો રહેશે તથા તેનું માળખું નીચે મુજબ રહેશે:-

| ક્રમ નં. | સભ્ય | પદ | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સંબંધિત આંગણવાડી કેન્દ્રનાં મુખ્ય સેવિકા (સુપરવાઈઝર-લેડી સુપરવાઈઝર) | અધ્યક્ષ | ૧ |
| ૨ | સંબંધિત આંગણવાડી કેન્દ્ર પર નિયુક્ત આંગણવાડી કાર્યકર (AWW) | સભ્ય-સચિવ | ૧ |
| ૩ | સંબંધિત આંગણવાડી કેન્દ્રની આશા વર્કર | સભ્ય | ૧ |
| ૪ | AWC માં નોંધાયેલાં ૩-૬ વર્ષની વયનાં બાળકોની માતાઓ | સભ્ય | ૨ |
| ૫ | સ્થાનિક સ્વયં સહાય જૂથ (SHG) અથવા સ્થાનિક NGO/CSO ની એક મહિલા સભ્ય | સભ્ય | ૧ |
| ૬ | નજીકની સરકારી પ્રાથમિક શાળાની મહિલા શિક્ષિકા | સભ્ય | ૧ |

**નોંધ:** સ્થાનિક સ્વયં સહાય જૂથ (SHG) ની મહિલા સભ્યને પ્રાથમિકતા આપવામાં આવશે. જો કોઈ વિસ્તારમાં સ્થાનિક સ્વયં સહાય જૂથ (SHG ) ઉપલબ્ધ ન હોય, તો તે સ્થિતિમાં સ્થાનિક NGO/CSO ની કોઈ મહિલા સભ્યને નામાંકિત કરી શકાશે.

**૪. આંગણવાડી વ્યવસ્થાપન સમિતિના સભ્યોની પસંદગી:**

મહિલા સુપરવાઈઝર, આશા વર્કર અને આંગણવાડી કાર્યકર સંબંધિત AWC સાથે જોડાયેલા હોવાને કારણે સમિતિના હોદ્દાની રૂએ કાયમી સભ્યો રહેશે. AMCમાં માતાઓ, પ્રાથમિક શાળાની શિક્ષિકા તથા SHGના સભ્યની પસંદગી સંબંધિત CDPO દ્વારા નીચે મુજબ કરવામાં આવશે.

**૧. માતાઓની સભ્ય તરીકે પસંદગી:-** માત્ર તે જ માતાઓની પસંદગી કરવામાં આવશે, જેમનાં ૩-૬ વર્ષનાં બાળકો વર્તમાનમાં સંબંધિત AWC માં નોંધાયેલાં હોય. તે માતાઓને પ્રાથમિકતા આપી શકાય છે જેઓ ઓછામાં ઓછું ધોરણ ૧૦ અથવા તેનાથી વધુ ભણેલી હોય. એ પણ સુનિશ્ચિત કરવામાં આવે કે પસંદ કરાયેલી માતાઓ સ્વેચ્છાએ સમિતિમાં કાર્ય કરવા માટે ઈચ્છુક હોય, સામાજિક રીતે સક્રિય હોય તથા સામુદાયિક કાર્યો માટે પોતાનો સમય આપવા તૈયાર હોય. સાથે જ વિવિધ સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિ ધરાવતી માતાઓને સમિતિમાં સામેલ કરવાનો પ્રયાસ કરવો.

**૨. સ્વયં સહાય જૂથ (SHG) સભ્યની પસંદગી:-** સંબંધિત સ્વયં સહાય જૂથ (SHG) સ્થાનિક વિસ્તારમાં કાર્યરત હોવું જોઈએ તથા NRLM/NULM યોજના અંતર્ગત નોંધાયેલા સ્વયં સહાય જૂથ (SHG) ને પ્રાથમિકતા આપવામાં આવશે. એવુ સુનિશ્ચિત કરવામાં આવે કે પસંદ કરાયેલું સ્વયં સહાય જૂથ (SHG) સભ્ય સ્વેચ્છાએ સમિતિનાં કાર્યોમાં ભાગ લેવા ઈચ્છુક હોય, સામાજિક રીતે સક્રિય હોય તથા સામુદાયિક કાર્યો માટે પોતાનો સમય આપવા માટે તૈયાર હોય.

**૩. NGO/CSO સભ્યની પસંદગી:-** સ્થાનિક સ્તરે સક્રિય એવી બિન-સરકારી સંસ્થાઓ (NGOs) અને નાગરિક સમાજ સંગઠનો (CSOs) ને પ્રાથમિકતા આપવામાં આવશે, જે મહિલા અને બાળવિકાસ, પોષણ, આરોગ્ય, શિક્ષણ, પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ (ECCE), સામુદાયિક સહભાગિતા અથવા સામાજિક કલ્યાણના ક્ષેત્રમાં કાર્યરત હોય. એવું પણ સુનિશ્ચિત કરવામાં આવે કે NGO/CSO દ્વારા નામાંકિત પ્રતિનિધિ સામાજિક રીતે સક્રિય હોય, સ્વેચ્છાએ સામુદાયિક કાર્યો માટે સમય આપવા ઈચ્છુક હોય તથા પાયાના સ્તરે બાળકો, મહિલાઓ અને સમુદાય સાથે કામ કરવાનો અનુભવ ધરાવતા હોય.

**૪. સરકારી પ્રાથમિક શાળાની શિક્ષિકાની સભ્ય તરીકે પસંદગી:-** સરકારી પ્રાથમિક શાળાની એવી શિક્ષિકાને પ્રાથમિકતા આપવામાં આવશે, જ્યાં એક જ પરિસરમાં આંગણવાડી કેન્દ્ર સંકલિત (Co-located) હોય. જો સંકલિત (Co-located) અથવા મેપ કરાયેલી સરકારી પ્રાથમિક શાળામાં કોઈ મહિલા શિક્ષિકા ઉપલબ્ધ ન હોય, તો નજીકની અન્ય કોઈ સરકારી પ્રાથમિક શાળાની મહિલા શિક્ષિકાને સમિતિના સભ્ય બનાવી શકાય છે.

**૫. સમિતિના સભ્યોનો કાર્યકાળ (Tenure of the Member):**

મહિલા સુપરવાઈઝર, આશા વર્કર, આંગણવાડી કાર્યકર અને સરકારી પ્રાથમિક શાળાની શિક્ષિકા, AMCના હોદ્દાની રૂએ કાયમી સભ્યો રહેશે. બાકીના સભ્યોની ફેરબદલી (Rotation) દર બે વર્ષે કરવામાં આવશે.

**૬. સમિતિનાં કાર્યો (Functions of the Committee):-**

આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ (AMC) દર બે મહિનામાં એકવાર આંગણવાડી કેન્દ્ર (AWC) પર બેઠકનું આયોજન કરશે. બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય આંગણવાડી કેન્દ્રના નિયમિત સંચાલનની સમીક્ષા કરવાનો તથા આંગણવાડી કેન્દ્રથી પૂરી પાડવામાં આવતી સેવાઓના સમયબદ્ધ, પ્રભાવી અને ગુણવત્તાપૂર્ણ અમલીકરણની દેખરેખ કરવાનો રહેશે.આ સમિતિ આરોગ્ય, પોષણ અને પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ (ECCE) માં સમુદાયની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપશે. તેની સાથે જ, આંગણવાડી કેન્દ્ર, સમુદાય અને સ્થાનિક સંસ્થાઓ વચ્ચે સંકલન કરી બાળકો માટે સુરક્ષિત, અનુકૂળ અને આવશ્યક સંસાધનોથી યુક્ત શીખવાનું વાતાવરણ વિકસિત કરવામાં સહયોગ કરશે.

**AMC નીચે મુજબનાં કાર્યો કરશે:-**

૧. AWCમાં પૂરી પાડવામાં આવી રહેલી સેવાઓ, પાયાનું માળખું (Infrastructure), ઉપલબ્ધ સુવિધાઓ, ભોજનની ગુણવત્તા, સ્વચ્છતા અને સમગ્ર સાફ-સફાઈની નિયમિત સમીક્ષા કરશે. આ સમિતિ સમસ્યાઓ અને સ્થાનિક આવશ્યકતાઓની ઓળખ કરશે, તેમના સમયબદ્ધ ઉકેલ માટે આવશ્યક પ્રયાસો કરશે તથા જે સમસ્યાઓનો સ્થાનિક સ્તરે ઉકેલ શક્ય ન હોય, તેમને આવશ્યક કાર્યવાહી અર્થે પ્રોગ્રામ અધિકારી અને બાળ વિકાસ યોજના અધિકારી સમક્ષ રજૂ કરશે.

૨. આંગણવાડી કાર્યકર (AWW)ને ગૃહ મુલાકાત , બાળકોની નિયમિત વૃદ્ધિની દેખરેખ, પૂરક પોષણ આહાર (SNP) વિતરણ તથા 'આધારશિલા' અનુસાર દરરોજ આયોજિત થતી પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ (ECCE) પ્રવૃત્તિઓના અસરકારક સંચાલનમાં સહયોગ પૂરો પાડશે.

૩. આ સમિતિ, એ સુનિશ્ચિત કરશે કે દર મહિને આયોજિત થતા બે મંગળ દિવસ, અને અન્ય સામુદાયિક કાર્યક્રમો જેવા કે ગ્રામ આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ દિવસ (VHSND) તથા પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ દિવસ (ECCE Day/PAM)નું નિયમિત રૂપે આયોજન થાય. સાથે જ, પોષણ માસ, પોષણ પખવાડિયું અને જનઆંદોલન દરમિયાન સમુદાયની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરશે. આ સમિતિ આંગણવાડી કાર્યકર, આશા કાર્યકર તથા પ્રાથમિક શાળાના શિક્ષકોને VHSND, ECCE Day, શાળા મુલાકાત અને અન્ય સમુદાય આધારિત કાર્યક્રમોના આયોજન અને સંચાલનમાં સહયોગ પૂરો પાડશે.

૪. આ સમિતિ પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ (ECCE)માં સંભાળ પૂરી પાડનારાઓ (Caregivers) તથા સમુદાયની અસરકારક ભાગીદારીને પ્રોત્સાહન આપશે. આ માટે મહિલામંડળ, સામુદાયિક સહયોગ સમૂહ તથા સ્વયં સહાય જૂથો (SHGs) ને સામુદાયિક જાગૃતિ અને જનસંપર્ક પ્રવૃત્તિઓ સાથે જોડીને સંભાળ પૂરી પાડનારાઓ અને સમુદાયમાં ECCE પ્રત્યે જાગૃતિ અને સહભાગિતા વધારવામાં આવશે. આ સમિતિ, આંગણવાડી કેન્દ્રની આસપાસ રહેતા સમુદાયને સરળ અને સર્જનાત્મક માધ્યમોથી માતા અને બાળઆરોગ્ય, પોષણ, બાળકોના પ્રારંભિક વિકાસ અને શિક્ષણ (Early Stimulation and Learning), ઉત્તરદાયી બાળસંભાળ (Responsive Caregiving) તથા બાળસંભાળમાં પુરુષો, વિશેષ રીતે પિતાની સક્રિય ભાગીદારીના મહત્ત્વ વિશે જાગૃત કરશે.

૫. આ સમિતિ, જન્મદિવસ, સ્થાનિક તહેવારો, પોષણ મેળો તથા અન્ય સામુદાયિક પ્રવૃત્તિઓ દ્વારા આંગણવાડી કેન્દ્ર (AWC) માં સમુદાયની સક્રિય ભાગીદારી અને સ્થાનિક માલિકીની ભાવનાને પ્રોત્સાહન આપશે.

**નોંધ:-** આ સમિતિ એ સુનિશ્ચિત કરશે કે સામુદાયિક કાર્યક્રમો દરમિયાન પૂરૂં પાડવામાં આવતું ભોજન અને અલ્પાહાર રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA) અંતર્ગત નિર્ધારિત પોષણ ધોરણો અને જોગવાઈઓને અનુરૂપ પૌષ્ટિક, સુરક્ષિત અને તાજું હોય.

૬. સમુદાયમાં જાગૃતિ અને સહભાગિતા વધારવા માટે સ્વયં સહાય જૂથો (SHGs), રાજ્ય ગ્રામીણ અને શહેરી આજીવિકા મિશન તથા પંચાયતી રાજ સંસ્થાઓ (PRIs) સાથે સમન્વય સ્થાપિત કરીને જાગૃતિ કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે. સાથે જ, માહિતી, શિક્ષણ અને સંચાર (IEC) સામગ્રીનો વ્યાપક પ્રસાર કરવામાં આવશે તથા સમુદાય આધારિત જન-જાગૃતિ પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. આરોગ્ય, પોષણ તથા પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ (ECCE) સાથે સંબંધિત વિષયો અંગે વખતોવખત જાગૃતિ અભિયાનોનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, આરોગ્ય, શિક્ષણ અને સ્થાનિક સંસ્થાઓના સહયોગથી પોષણ, બાળસંભાળ અને બાળકોના સમગ્ર વિકાસ સંબંધિત સામુદાયિક સ્પર્ધાઓ અને અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરીને સમુદાયની સક્રિય ભાગીદારી વધારવામાં આવશે.

૭. આંગણવાડી સેવાઓને સુદઢ બનાવવા માટે વાલીઓ, સ્વયંસેવકો, ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ/નિગમિત એકમો (Corporate Entities), બિન-સરકારી સંસ્થાઓ (NGOs), નાગરિક સમાજ સંગઠનો (CSOs) તથા અન્ય સામુદાયિક સંગઠનોને સમય, નિપુણતા અને સંસાધનોના સહયોગ માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. બાળકો માટે રમકડાં, કપડાં, એક્ટિવિટી બેંક, Teaching Learning Material-TLM તથા અન્ય આવશ્યક સંસાધનોના દાન અને સામુદાયિક સહયોગને પ્રોત્સાહન આપવામાં આવશે. સાથે જ, સ્થાનિક સ્તરે ઉપલબ્ધ ઓછા ખર્ચવાળી કે વિના મૂલ્યની શિક્ષણ-સહાયક સામગ્રીના ઉપયોગને પણ પ્રોત્સાહિત કરવામાં આવશે.

૮. ગ્રામ આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ દિવસ (VHSND) ના દિશા-નિર્દેશો અનુસાર કુપોષિત બાળકો અને વિકાસાત્મક વિલંબ (Developmental Delays) ધરાવતાં બાળકોની અસરકારક ઓળખ, રેફરલ (સંદર્ભ), અનુવર્તી કાર્યવાહી (Follow-

up) તથા સબંધિત અધિકારીઓ સાથે સમન્વય સુનિશ્ચિત કરવો અને આવા બાળકોના પરિવારોને વધારાનો આવશ્યક સહયોગ પૂરો પાડવો.

૯. પૂરક પોષણ આહાર કાર્યક્રમ (SNP) ની માહિતી, જેવી કે પોષણ આહારનું પ્રમાણ, વિતરણના દિવસો તથા પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યાદી, આંગણવાડી કેન્દ્ર (AWC) પર સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવશે, જેથી પારદર્શિતા જળવાઈ રહે અને લાભાર્થીઓમાં જાગૃતિ વધે. સાથે જ એ પણ સુનિશ્ચિત કરવામાં આવશે કે પોષણ ટ્રેકર (Poshan Tracker) પર મહિલા સુપરવાઈઝર અને આંગણવાડી કાર્યકર દ્વારા તમામ આવશ્યક માહિતી નિયમિત અને સાચી રીતે અપડેટ કરવામાં આવે. વિશેષ આવશ્યકતા ધરાવતાં (દિવ્યાંગ) બાળકોની ઓળખ, નોંધણી, હાજરી અને સમાવેશી સેવાઓની નિયમિત દેખરેખ કરવામાં આવશે તથા આવાં તમામ બાળકોનું આંગણવાડી કેન્દ્રમાં નામાંકન સુનિશ્ચિત કરવા માટે આવશ્યક પ્રયાસો કરવામાં આવશે (જો તેઓ અગાઉથી નોંધાયેલાં ન હોય તો).

૧૦. સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને ૦-૬ વર્ષની વયનાં બાળકોની ઓળખ કરીને તમામ પાત્ર લાભાર્થીઓનું સંપૂર્ણ કવરેજ સુનિશ્ચિત કરવા માટે વખતોવખત કુટુંબ સ્તરે (Household Level) સર્વેક્ષણ અને સમુદાય આધારિત મેપિંગ (Community Mapping) કરવામાં સહયોગ પૂરો પાડવો.

૧૧. ફરિયાદ નિવારણ વ્યવસ્થા (Grievance Redressal Mechanism) ને સુદઢ બનાવવી તથા વિવિધ માધ્યમોથી પ્રાપ્ત ફરિયાદોનો સમયબદ્ધ ઉકેલ સુનિશ્ચિત કરવો.

૧૨. પંચાયતી રાજ સંસ્થાઓ (PRIs) અને શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULBs) ના સહયોગ તથા સમુદાયની સક્રિય ભાગીદારીથી પોષણ વાટિકા (Nutri-Garden) ની સ્થાપના અને તેની નિયમિત જાળવણી માટે આવશ્યક પ્રયાસો કરવામાં આવશે.

૧૩. સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ (PW&LM) તથા ૦-૬ વર્ષ સુધીની વયનાં બાળકો સાથે સંબંધિત અન્ય મહત્ત્વપૂર્ણ વિષયો અંગે આવશ્યકતા અનુસાર યોગ્ય કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવશે.

**૭. ન્યૂનતમ આવશ્યક હાજરી (કોરમ - Quorum):-**

આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ (AMC) ની દરેક બેઠક માટે કુલ સાત સભ્યોમાંથી ઓછામાં ઓછા ચાર સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે. આ ચાર સભ્યોમાં સમિતિના અધ્યક્ષ (Chairperson) તથા ઉપાધ્યક્ષ નું હાજર હોવું આવશ્યક રહેશે. આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ (AMC) તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવાનો પ્રયાસ કરશે. જો કોઈ વિષય પર સર્વસંમતિ ન બને, તો બહુમતીના આધારે નિર્ણય લેવામાં આવશે. જો મતોની સંખ્યા સરખી થાય, તો મહિલા સુપરવાઈઝર (Lady Supervisor) નો નિર્ણાયક મત (Casting Vote) માન્ય ગણાશે.

**૮. રેકોર્ડ જાળવણી અને અહેવાલ (Record Keeping and Reporting):**

૧. આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ (AMC) દરેક બેઠકની બેઠક કાર્યવાહી નોંધ (Minutes of Meeting-MoM) નિર્ધારિત નમૂનામાં તૈયાર કરશે અને જાળવશે, જેથી રેકોર્ડમાં એકરૂપતા અને સ્પષ્ટતા જળવાઈ રહે. બેઠક કાર્યવાહી નોંધમાં બેઠકની તારીખ, હાજર સભ્યોની વિગત, ચર્ચાના મુખ્ય મુદ્દાઓ, લેવાયેલા નિર્ણયો તથા તેની અનુપાલનની સ્થિતિ સહિતની તમામ આવશ્યક માહિતી નોંધવામાં આવશે. **બેઠકની કાર્યવાહી નોંધનો નિયત નમૂનો આ સાથેના પરિશિષ્ટમાં સામેલ છે.**

૨. બેઠકની કાર્યવાહી નોંધ, બેઠકનું આયોજન થયાની તારીખથી ૦૭ દિવસની અંદર સંબંધિત બાળવિકાસ યોજના અધિકારી (CDPO) ને રજૂ કરવામાં આવશે.

૩. સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારી વર્ષમાં ઓછામાં ઓછું બે વાર દરેક આંગણવાડી વ્યવસ્થાપન સમિતિ (AMC) નાં કાર્યોની સમીક્ષા કરશે. આ સમીક્ષા નિર્ધારિત ઇંડિકેટર્સ જેવા કે આયોજિત બેઠકોની સંખ્યા, સભ્યોની હાજરી, લેવાયેલા નિર્ણયોનું અમલીકરણ તથા અન્ય આવશ્યક મુદ્દાઓના આધારે કરવામાં આવશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા. /૦૮/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી પી વસાવા)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. રા.કમંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ(સ્વ.હ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. કમિશ્નરશ્રી, (આઈ.સી.ડી.એસ.) , કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

૪. વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા સુરત રાજકોટ

૫. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન/જિલ્લા પંચાયત કચેરી

૬. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

૭. શાખા સિલેક્ટ ફાઇલ

## પરિશિષ્ટ

**આંગણવાડી વ્યવસ્થાપન સમિતિની બેઠકની કાર્યવાહી નોંધનો નિયત નમૂનો**

**ભાગ અ : બેઠકની વિગત:**

| | | | |
|---|---|---|---|
| આંગણવાડી કેન્દ્રનું નામ અને કોડ: | | સેજો: | |
| બ્લોક / પ્રોજેક્ટનું નામ: | | જિલ્લો: | |
| બેઠકની તારીખ: | | બેઠક સંખ્યા: | |
| સ્થાન / બેઠક સ્થળ: | | સમય: | |

**ભાગ - બ : હાજરી પત્રક:**

| **ક્રમ નં.** | **હોદ્દો / ભૂમિકા (AMC માં)** | **નામ** | **હાજર (હા) / ગેરહાજર (ના)** |
|---|---|---|---|
| ૧ | સુપરવાઈઝર (અધ્યક્ષ) | | |
| ૨ | આંગણવાડી કાર્યકર / આ.કા. (સભ્ય-સંયોજક) | | |
| ૩ | આશા કાર્યકર (સભ્ય) | | |
| ૪ | પ્રાથમિક શાળા શિક્ષક / સરકારી શાળા શિક્ષક (સભ્ય) | | |
| ૫ | આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલાં ૩-૬ વર્ષનાં બાળકની માતા (સભ્ય) | | |
| ૬ | આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલા ૩-૬ વર્ષનાં બાળકની માતા (સભ્ય) | | |
| ૭ | SHG / સ્વયં સહાય જૂથની મહિલા સભ્ય / સીએસઓ મહિલા સભ્ય (સભ્ય) | | |
| **કુલ હાજર સભ્ય:** | | **.....માંથી ૭ કોરમ પૂર્ણ (ન્યૂનતમ: ૪):** હા / ના | |

**ભાગ - ક : આંગણવાડી કેન્દ્રનાં કાર્યોની સમીક્ષા (દરેક મુદ્દાની સ્થિતિ પર ટીક [✓] કરો)**

**ક-૧ પાયાનું માળખું (આધારભૂત સંરચના) અને સુવિધાઓ**

| **સમીક્ષા માટેના મુદ્દા** | **સ્થિતિ** | **ટિપ્પણીઓ / સમસ્યાઓ** |
|---|---|---|
| આંગણવાડી મકાન સ્વચ્છ, સુરક્ષિત અને કાર્યરત છે | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| પીવાનું પાણી ઉપલબ્ધ અને સુરક્ષિત છે | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| શૌચાલય / સ્વચ્છતા સુવિધા કાર્યરત છે | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| રસોડું અને સંગ્રહ (સ્ટોરેજ) સુવિધા કાર્યરત છે | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| પૂરતું ફર્નિચર, સાધનો અને ટી.એલ.એમ. ઉપલબ્ધ છે | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| એસ.એન.પી. મેનૂ આંગણવાડી કેન્દ્ર પર મુખ્યત્વે દર્શાવવામાં આવ્યું છે. | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| પોષણ વાટિકાની સ્થાપના કરવામાં આવી છે. / જાળવવામાં આવી છે | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| દિવ્યાંગ બાળકોની સુવિધા માટે રેમ્પ વિથ રેલીંગની પણ સુવિધા કરેલ છે | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |

**ક-૨. પૂરક પોષણ કાર્યક્રમ (SNP)**

| **સમીક્ષા મુદ્દા** | **સ્થિતિ** | **ટિપ્પણીઓ / સમસ્યાઓ** |
|---|---|---|
| તમામ લાભાર્થીને ટી.એચ.આર. (THR)નું વિતરણ નિર્ધારિત સમયપત્રક મુજબ કરવામાં આવ્યું | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| એચ.સી.એમ. (HCM) દ્વારા નિયમિત વિતરણ કરવામાં આવ્યું | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| ખાદ્ય સામગ્રીની ગુણવત્તા, સ્વચ્છતા અને તાજગી જાળવી રાખવામાં આવી | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| એસ.એન.પી. માત્રા નિર્ધારિત ધોરણો (NFSA) અનુસાર છે | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| સગર્ભા અને ધાત્રી માતાને બપોરનું જમવાનું આપવામાં આવે છે (પોષણ સુધા યોજના લાગુ પડતા જીલ્લા માટે) | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| દૂધ સંજીવની યોજનાનો લાભ સગર્ભા ધાત્રી માતા અને બાળકોને આપવામાં આવે છે (દૂધ સંજીવની યોજના લાગુ પડતા જીલ્લા માટે) | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| પૂર્ણા શક્તિ ૪ પેકેટ (ટેક હોમ રાશન)નું વિતરણ દર મહીને કરવામાં આવે છે. | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| દર મહિનાના ચોથા મંગળવારે પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવે છે. | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |

**ક-૩. વૃદ્ધિ દેખરેખ, ગૃહ મુલાકાત અને કુપોષણ વ્યવસ્થાપન**

| **સમીક્ષા મુદ્દા** | **સ્થિતિ** | **ટિપ્પણીઓ / સમસ્યાઓ** |
|---|---|---|
| ૦-૬ વર્ષનાં તમામ બાળકોની વૃદ્ધિ દેખરેખ (Growth Monitoring) કરવામાં આવી | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |

| | | |
|---|---|---|
| ૦-૩ વર્ષનાં બાળકોના વિકાસાત્મક માઈલસ્ટોન (વિકાસના તબક્કા) નોંધવામાં આવ્યા | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| આરોગ્ય તપાસ આયોજિત / રેફરલ કરવામાં આવ્યું | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| SAM/MAM (કુપોષિત/અતિ કુપોષિત) બાળકોની ઓળખ કરીને રેફર કરવામાં આવ્યાં છે. | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| વિકાસાત્મક માઈલસ્ટોન પ્રાપ્ત ન કરનારાં બાળકોનું VHSND દરમિયાન ANM/MO દ્વારા પુનઃમૂલ્યાંકન અને આવશ્યકતા અનુસાર રેફરલ કરવામાં આવ્યું છે. | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| અગાઉ રેફર કરાયેલા કેસોની અનુવર્તી (Follow-up) કાર્યવાહી કરવામાં આવી છે. | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |

### ક-૪. ઈસીસીઈ (ECCE) અને પ્રિ-સ્કૂલ શિક્ષણ (આધારશિલા)

| **સમીક્ષાના મુદ્દા** | **સ્થિતિ** | **ટિપ્પણીઓ / સમસ્યાઓ** |
|---|---|---|
| દરરોજ પુર્વ પ્રાથમિક શિક્ષણનાં અભ્યાસક્રમ આધારશિલા પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| આ સમયગાળા દરમિયાન બાળ દિવસ થીમ મુજબ આયોજિત કરવામાં આવ્યો છે. | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| બાળકના સર્વાંગી વિકાસની નોંધ કરવામાં આવી છે. (મારી વિકાસ યાત્રા) | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| બાળકની પ્રવૃત્તિ પુસ્તિકામાં માસવાર કામગીરી કરેલ છે. | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |

### ક-૫. સામુદાયિક સહભાગિતા અને સમન્વય (Convergence)

| **સમીક્ષાના મુદ્દા** | **સ્થિતિ** | **ટિપ્પણીઓ / સમસ્યાઓ** |
|---|---|---|
| પાછલા મહિનામાં VHSND આયોજિત કરવામાં આવ્યો | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| જન્મદિવસ/સ્થાનિક ઉત્સવ/તિથિભોજન આંગણવાડી કેન્દ્ર પર ઉજવવામાં આવ્યું | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| સમુદાય તરફથી દાન/TLM/બાળ-અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થઈ | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| પોષણ અને બાળસંભાળના વ્યવહાર પર સામુદાયિક આધારિત સ્પર્ધાઓ આયોજિત કરવામાં આવી | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |

**ક-૬. નામાંકન, કવરેજ, ફરિયાદો અને સમાવેશ (Inclusion)**

| સમીક્ષાના મુદ્દા | સ્થિતિ | ટિપ્પણીઓ / સમસ્યાઓ |
|---|---|---|
| સુપરવાઇઝર અને આંગણવાડી કાર્યકર દ્વારા પોષણ ટ્રેકર (Poshan Tracker) નો ડેટા અપડેટ કરવામાં આવ્યો | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| ૦-૬ વર્ષનાં તમામ પાત્ર બાળકોનું નામાંકન (રજિસ્ટ્રેશન) સુનિશ્ચિત કરવામાં આવ્યું | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| વિશેષ આવશ્યકતા ધરાવતાં (દિવ્યાંગ) બાળકોનું નામાંકન / અનુવર્તી કાર્યવાહી કરવામાં આવી | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| પોષણ ટ્રેકરમાં લાભાર્થીઓનું કવરેજ અપડેટ કરવામાં આવ્યું | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને ૦-૬ વર્ષનાં બાળકોની ઓળખ માટે કૌટુંબિક સર્વેક્ષણ / સામુદાયિક મેપિંગ કરવામાં આવ્યું | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| પ્રાપ્ત ફરિયાદો / રજૂઆતોનું સમયસર નિવારણ કરવામાં આવ્યું | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |
| વણ ઉકેલાયેલી ફરિયાદો / રજૂઆતોને સીડીપીઓ (CDPO) ને આગળ મોકલવામાં આવી | [ ] બરાબર છે [ ] સમસ્યા છે | |

**ભાગ - ડ : નિર્ણય અને કાર્ય મુદ્દા (Action Points)**

| ક્રમ નં. | નિર્ણય અને કાર્ય મુદ્દા |
|---|---|
| ૧. | |
| ૨. | |
| ૩. | |
| ૪. | |

**ભાગ - ઈ : પાછલી બેઠકના નિર્ણયો અંગેનો કાર્યવાહી અહેવાલ (Action Taken Report)**

| ક્રમ નં. | પાછલી બેઠકના નિર્ણયો અંગેનો કાર્યવાહી અહેવાલ |
|---|---|
| ૧. | |
| ૨. | |
| ૩. | |
| ૪. | |

**ભાગ - ફ : આંગણવાડી વ્યવસ્થાપન સમિતિના તમામ સભ્યોની સહી**

| **ક્રમ નં.** | **સભ્યનું નામ** | **હોદ્દો (AMC માં ભૂમિકા)** | **હસ્તાક્ષર (સહી)** |
|---|---|---|---|
| ૧ | | સુપરવાઈઝર (અધ્યક્ષ) | |
| ૨ | | આંગણવાડી કાર્યકર (સભ્ય-સચિવ) | |
| ૩ | | આશા કાર્યકર (સભ્ય) | |
| ૪ | | પ્રાથમિક શાળા શિક્ષક (સભ્ય) | |
| ૫ | | ૩-૬ વર્ષના બાળકની માતા (સભ્ય) | |
| ૬ | | ૩-૬ વર્ષના બાળકની માતા (સભ્ય) | |
| ૭ | | સ્વયં સહાય જૂથ/ એનજીઓ/સીએસઓની મહિલા સભ્ય (સભ્ય) | |

***આ બેઠકની તારીખથી ૦૭ દિવસની અંદર મહિલા સુપરવાઈઝર દ્વારા પોતાના સેક્ટરની સંકલિત માહિતી સીડીપીઓ (CDPO) ને રજૂ કરવી અનિવાર્ય છે.**

*Signature Not Verified*

*Signed by:J P Vasava*
*Deputy Secretary*
*Date:2026.09.10*
*15:33:32 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*